# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-05-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## P.M વિશ્વ આરોગ્ય સભા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, સ્વસ્થ વિશ્વનું ભવિષ્ય સમાવેશક અને એકીકૃત દ્રષ્ટિકોણ તથા પરસ્પર સહયોગ પર નિર્ભર કરે છે. તેમણે ગ્લૉબલ સાઉથના તમામ દેશના ખાસ કરીને આરોગ્ય પડકારોથી અસરગ્રસ્ત થવાનો ઉલ્લેખ કરતા કહ્યું, 'આને પહોંચી વળવા ભારતનો દ્રષ્ટિકોણ એક યોગ્ય, પ્રમાણભૂત અને ટકાઉ મૉડલ રજૂ કરે છે.'

પ્રધાનમંત્રી સ્વિટ્ઝર્લૅન્ડ જિનિવામાં યોજાયેલી વિશ્વ આરોગ્ય સભાના 78-મા સત્રને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધી રહ્યા હતા. આ સત્ર 19થી 27 મે સુધી યોજાયું છે. આ દરમિયાન પ્રધાનમંત્રીએ કહ્યું, 'સરકારે દેશભરમાં આરોગ્ય અને આરોગ્ય કેન્દ્રોનું એક વિશાળ નેટવર્ક બનાવ્યું છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય વિમા યોજના "આયુષ્માન ભારત" દેશમાં ચલાવવામાં આવી રહી છે, જેનો લાભ 58 કરોડ લોકોને મળી રહ્યો છે. તેમને નિઃશુલ્ક સારવાર પણ અપાઈ રહી છે.'

---------------------------------------------------------------------------------------------

## P.M અમૃત ભારત સ્ટેશન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરાયેલા રાજ્યના 18 રેલવે મથકોનું આવતીકાલે ૨૨ મી એ વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. આ રેલવે મથકોમાં ઉત્તરાણ, કોસંબા જંકશન, કરમસદ, ડાકોર, ડેરોલ, સામખિયાળી જંકશન, હાપા, કનાલુસ જંકશન, જામવંથલી, મોરબી, મીઠાપુર, ઓખા, જામજોધપુર, લીંબડી, પાલિતાણા, સિહોર જંકશન, રાજુલા જંકશન અને મહુવા સ્ટેશનોનો સમાવેશ થાય છે.

160 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા આ મથકો ગુજરાતની લોક કલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક દર્શાવે છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશભરમાં વિકસાવવામાં આવી રહેલા એક હજાર 300થી વધુ મથકોમાંથી, 103 મથકોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

---

## વિદેશ સચિવ-પ્રતિનિધિ મંડળ:

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગઈકાલે નવી દિલ્હીમાં સાંસદોના સાત બહુપક્ષીય પ્રતિનિધિ મંડળને જરૂરી માહિતી આપી. આ પ્રતિનિધિ મંડળને 'ઑપરેશન સિંદૂર' અંગે અને આતંકવાદ સામે ભારતની વ્યૂહરચના વિશ્વ સમક્ષ રજૂ કરવા તેમજ પાકિસ્તાનમાં ઉદભવતા આતંકવાદ સામે ભારતનું વલણ સ્પષ્ટ કરવા વિવિધ દેશમાં મોકલવામાં આવી રહ્યું છે.

59 સભ્યના આ પ્રતિનિધિમંડળ આજથી આગામી પાંચ જૂન સુધી અમેરિકા, સાઉદી અરબ સહિત કુલ 32 દેશનો પ્રવાસ કરશે.

---

## ચીફ ઓફ ડિફેન્સ-નલિયા વાયુસેના મથકની મુલાકાત:

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે નલિયા વાયુસેના મથકની મુલાકાત લઇ સશસ્ત્ર દળોની બહાદુરી અને ક્ષમતાની પ્રશંસા કરી હતી.

શ્રી ચૌહાણે જવાનો સાથે વાતચીત દરમિયાન ઉભરતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને કાર્યલક્ષી તૈયારી અને સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઓપરેશનના સક્રિય તબક્કા દરમિયાન સુરક્ષા ભંગ કરવાના દુશ્મનના અનેક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં ભારતીય જવાનોના સમર્પણ, હિંમત અને અડગ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા જનરલ ચૌહાણે કહ્યું કે આપણા જવાનોએ વ્યાવસાયિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખ્યા છે. પોતાના સંબોધન દરમિયાન તેમણે સ્થાનિક નાગરિક વહીવટી તંત્રનો પણ તેમના સહકાર બદલ આભાર માન્યો હતો.

આ મુલાકાત દરમિયાન, શ્રી ચૌહાણે ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતી નવીનતમ અને મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ વિશે સમીક્ષા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે તાજેતરમાં ભુજ એરબેઝની મુલાકાત લઇ જવાનોના શૌર્યને બિરદાવ્યો હતો.

---

## વીજ પુરવઠો પુન:સ્થાપિત

કમોસમી વરસાદ અને વાવાઝોડાં બાદ રાજ્યના ગામડાઓમાં ખોરવાયેલા વીજપુરવઠાને ફક્ત 48 કલાકમાં પુનઃસ્થાપિત કરાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર મે મહિનાની શરૂઆતમાં ભારે વરસાદને કારણે 7 હજાર 300થી વધુ ગામોમાં વીજપુરવઠો ખોરવાયો હતો. જેમાં પ્રથમ 24 કલાકમાં જ 88 ટકાથી વધુ ગામોમાં વીજળી પાછી આવી હતી. ભારે વરસાદ અને વાવાઝોડાથી સૌથી વધુ 11 જિલ્લાના 5 હજાર 822 ગામડાઓ અસરગ્રસ્ત થયા હતા. વીજળીને પુનઃસ્થાપિત કરવા માટે વીજ વિતરણ કંપનીઓની એક હજાર 26 ટીમો અને ટ્રાન્સમિશન કંપનીઓની 87 ટીમ, જોડાઈ હતી.

---

## ભુજ-નલિયા રેલવે લાઈન પરીક્ષણ:

ભુજ નલિયા વચ્ચે પથરાયેલી 101 કિલોમીટર લાંબી રેલવે લાઈન પર ઈલેક્ટ્રીક તારનું કામ સંપુર્ણ થઈ જતાં મુબંઈ થી આવેલી ટીમ દ્વારા આજે સવારે મુસાફર ટ્રેનને દોડાવીને પરીક્ષણ કરવામાં આવશે. હાલ નલિયા ભુજ ટ્રેક પર માલગાડી દોડી રહી છે, ત્યારે આગામી સપ્તાહે ભુજ આવી રહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે નવી ટ્રેન સેવાનો પ્રારંભ થાય તેવી શક્યતા છે.

---

# રાજીવ ગાંધીની પુણ્યતિથી:

દેશના યુવા સુકાની રાજીવ ગાંધીની આજે 34 મી પુણ્યતિથી છે.પુરા 34 વર્ષ પહેલાં 1991માં આજના દિને તમિલનાડુંમાં શ્રી પેરંબુદુર ખાતે ચૂંટણી સભામાં તેમની હત્યા કરવામાં આવી હતી. તેમની પુણ્ય તિથિ આતંકવાદ વિરોધી દિન તરીકે મનાવાય છે.

---------------------------------------------------------------------------------------------------